
# 9 રાજ્યની શાસનવ્યવસ્થા

આપણા દેશનો વહીવટ ત્રણ સ્તર પર થાય છે– સ્થાનિક કક્ષાએ, રાજ્ય કક્ષાએ અને કેન્દ્ર કક્ષાએ. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની કામગીરી વિશેની જાણકારી આપણી પાસે છે. આ પાઠમાં આપણે લોકશાહીમાં રાજ્ય સ્તરે કેવી રીતે વહીવટ (શાસન) થાય છે ? રાજ્ય સરકાર કયાં કયાં કામો કરે છે ? વિધાનસભાના સભ્યો અને મંત્રીઓની શી ભૂમિકા છે ? લોકો સરકાર સમક્ષ કઈ રીતે પોતાના પ્રશ્નોની રજૂઆત કરે છે ? લોકો શાસનની સામે પોતાના વિચાર કઈ રીતે મૂકે છે ? કોઈ કાર્યની માગણી કેવી રીતે કરે છે ? આ પ્રશ્નો પર વિચાર કરવા આપણે આરોગ્ય સંબંધી એક પ્રસંગનું ઉદાહરણ લઈશું.



**ચિત્રોના આધારે વિચારો :**

- સુરતમાં ફેલાયેલા કૉલેરાની સમસ્યા એટલી ગંભીર શા માટે હતી ?
- ઉપરની સ્થિતિમાં સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા કેવાં પગલાં ભરાવાં જોઈએ ? શું કરી શકાય ? તમે આ વિશે શું વિચારો છો ?
- તમારા વિસ્તારમાં આવા પ્રશ્નો ઊભા થાય તો તમે સરકારમાં કોના દ્વારા રજૂઆત કરાવશો ?
- સરકારમાં સ્થાનિક પ્રશ્નોની રજૂઆત કોના દ્વારા કરાવશો ?

ઉપરના ભાગમાં તમે કૉલેરાની ઘટના વિશે વાંચ્યું. તમારા વિસ્તારની કોઈ સમસ્યાની રજૂઆત આરોગ્ય અધિકારી, જિલ્લા કલેક્ટર કે બીજા અધિકારીશ્રીને કરતા તમારા વિસ્તારના આગેવાનોને જોયા હશે; પરંતુ તમે તમારા વિધાનસભ્ય કે ધારાસભ્યને જોયા છે ? તમે વિધાનસભા વિશે સાંભળ્યું છે ?

વિધાનસભાના સભ્યને વિધાનસભ્ય કે ધારાસભ્ય કહે છે. એમ.એલ.એ (મેમ્બર ઑફ લેજિસ્લેટિવ એસેમ્બલી) તરીકે પણ ધારાસભ્યને ઓળખવામાં આવે છે. એમ.એલ.એ.ની પસંદગી લોકો દ્વારા સીધી ચૂંટણીથી થાય છે. પોતાના મતવિભાગમાંથી ચૂંટાઈને તેઓ વિધાનસભાના સભ્ય (એમ.એલ.એ.) બને છે અને સરકાર બનાવે છે. આ ઉપરથી આપણે કહી શકીએ કે, વિધાનસભાના સભ્ય (એમ.એલ.એ.) લોકોનું પ્રતિનિધિત્વ કરે છે.

**પ્રવૃત્તિ**

- તમારા વિસ્તારના વિધાનસભા સભ્યનો પરિચય મેળવો, સંપર્ક નંબર અને સરનામું જાણો.
- તમારા વિસ્તારના પ્રશ્નોને નોંધીને વિધાનસભ્યને પત્ર દ્વારા જાણ કરો.

ભારતના દરેક રાજ્યમાં 'વિધાનસભા' હોય છે. રાજ્યના વિસ્તારોને જુદા જુદા મતવિભાગમાં વહેંચવામાં આવે છે. દરેક મતવિભાગમાંથી એક એક સભ્ય ચૂંટાય છે. ગુજરાતમાં વિધાનસભાની કુલ બેઠકો 182 છે. દરેક રાજ્યની વિધાનસભાના સભ્યોની સંખ્યા જુદી જુદી હોય છે. તેની સભ્યસંખ્યા વસ્તીને ધોરણે નક્કી થાય છે. તમને ખબર હશે કે દર પાંચ વર્ષે જ્યારે ચૂંટણી થાય ત્યારે લોકો અલગ અલગ પક્ષમાંથી ઉમેદવારી કરે છે. અપક્ષ તરીકે પણ ઉમેદવારી કરી શકાય છે. મોટેભાગે વિધાનસભ્યો અલગ અલગ રાજકીય પક્ષોના હોય છે તેમજ કોઈપણ પક્ષના નહિ એવા અપક્ષો પણ હોય. ગુજરાતનું વિધાનસભા ભવન પાટનગર ગાંધીનગરમાં આવેલું છે. તેનું નામ છે વિઠ્ઠલભાઈ પટેલ વિધાનસભા ગૃહ.



**9.1 ગુજરાત વિધાનસભા**

જે લોકો વિધાનસભ્યો હોય છે તેમાંથી મંત્રી અથવા મુખ્યમંત્રી કેવી રીતે બને છે તે આપણે જાણીએ. ચૂંટણીઓ બાદ જે રાજકીય પક્ષની વિધાનસભામાં બહુમતી હોય અથવા બહુમતી સભ્યોનો ટેકો હોય તે પક્ષની સરકાર બને છે. રાજ્યપાલ તે પક્ષના નેતાની રાજ્યના મુખ્યમંત્રી તરીકે નિમણૂક કરે છે. એમને મંત્રીમંડળ (પ્રધાનમંડળ)ની રચના કરવા આમંત્રણ આપે છે. શાસન કરતા રાજકીય પક્ષને શાસકપક્ષ અથવા સત્તાધારી અને બીજા પક્ષોને વિરોધ પક્ષ કહેવાય છે.

**પ્રવૃત્તિ : ચર્ચા કરો**

- બહુમતી, શાસકપક્ષ, વિરોધપક્ષ, મતવિભાગ જેવા શબ્દો વિશે વર્ગમાં ચર્ચા કરો.
- ઘણીવાર શાસકપક્ષ કોઈ એક પક્ષનો ન હોય; પરંતુ બીજા પક્ષો સાથે જોડાઈને બને છે. આ સરકારને કઈ સરકાર કહેવાય ?

**વિચારો**

- તમારા વિધાનસભાના મતવિસ્તારનું નામ શું છે ?
- હાલ તમારે ત્યાં કયા પક્ષના ધારાસભ્ય છે ?
- હાલ કયા પક્ષની રાજ્યસરકાર છે ?
- સરકાર રચવા કેટલા સભ્યોની જરૂર પડે ?
- ધારાસભ્યને મળતા અનુદાન (ગ્રાન્ટ)માંથી તમારા વિસ્તાર માટે કયાં કયાં કાર્યો થયાં છે ?

ચૂંટણી બાદ રાજ્યના રાજ્યપાલ મુખ્યમંત્રી (મુખ્યપ્રધાન) અને અન્ય મંત્રીઓની નિમણૂક કરે છે. મુખ્યમંત્રી અને મંત્રીઓની ફરજ રાજ્યવહીવટનાં જુદાં જુદાં ખાતાં તેમજ મંત્રાલય ચલાવવાની છે. દરેકનું અલગ અલગ કાર્યાલય હોય છે. વિધાનસભા એવું ભવન છે કે જ્યાં બધા વિધાનસભ્યો, ભલે શાસકપક્ષના હોય કે વિરોધપક્ષના વિવિધ વિષયો પર ચર્ચા કરવા માટે ભેગા થાય છે. સરકારમાં સામેલ વિધાનસભ્યોની બેવડી જવાબદારી છે. એક વિધાનસભ્ય તરીકે અને બીજી મંત્રી તરીકે.

રાજ્ય સરકારનું બીજું અંગ કારોબારી છે. રાજ્યની કારોબારીમાં તેના વડા તરીકે રાજ્યપાલ (ગવર્નર), મુખ્યમંત્રી અને મંત્રીમંડળનો સમાવેશ થાય છે. મંત્રીઓના નિયંત્રણ અને માર્ગદર્શન હેઠળ કામ કરતા વહીવટી અધિકારીઓનો સમાવેશ પણ કારોબારીમાં થાય છે. મંત્રીમંડળને 'રાજકીય કારોબારી' અને વહીવટી અધિકારીઓને 'વહીવટી કારોબારી' કહેવામાં આવે છે.

## રાજ્યપાલ (Governor)

ભારતના દરેક રાજ્યમાં રાજ્યપાલ હોય છે. તેમની નિમણૂક દેશના રાષ્ટ્રપતિ વડાપ્રધાનની સલાહ મુજબ પાંચ વર્ષ માટે કરે છે. તેમની નિમણૂક એટલા માટે કરવામાં આવે છે કે રાજ્ય સરકાર બંધારણના નિયમ અનુસાર શાસન કરે. રાજ્યપાલ રાજ્યના બંધારણીય વડા છે. રાજ્યનો બધો વહીવટ તેમના નામથી થાય છે.

રાજ્યપાલ રાજ્યની વિધાનસભામાં ચૂંટાયેલા બહુમતી ધરાવતા પક્ષના નેતાને સરકાર રચવા આમંત્રણ આપે છે. રાજ્યપાલ રાજ્યના મુખ્યમંત્રી અને મંત્રીમંડળના સભ્યોને બંધારણની વફાદારી અને ગુપ્તતાના સોગંદ લેવડાવે છે, વિધાનસભાની બેઠક બોલાવે છે તેમજ મુલતવી પણ રાખી શકે છે. વિધાનસભામાં રજૂ થતા ખરડાઓને સહી

કરી મંજૂરી આપે છે. નાણાકીય ખરડા માટે તેમની પૂર્વમંજૂરી જરૂરી છે. ત્રણ વાચનમાં થઈને ખરડો વિધાનસભા પસાર કરે. અધ્યક્ષ (સ્પીકર)ની સહી થઈ જતાં, તે રાજ્યપાલની મંજૂરી (સહી) માટે મોકલાય છે. જો રાજ્યપાલ સહી કરે તો તે કાયદો બને છે; પરંતુ રાજ્યપાલ પોતાની નોંધ સાથે સહી કર્યા વગર વિધાનસભાને ખરડો પાછો મોકલે, તો વિધાનસભાને જે-તે બાબતો ઉપર પુનઃ ચર્ચા કરવી પડે છે અને ત્યાર બાદ રાજ્યપાલને સુધારણાવાળો ખરડો મંજૂરી (સહી) માટે મોકલાય છે. તેઓશ્રી તાકીદની પરિસ્થિતિમાં ‘વટહુકમ’ બહાર પાડે છે. વડી અદાલતના તાબા હેઠળની અદાલતોના ન્યાયાધીશોની નિમણૂક કરે છે. રાજ્યની કામગીરી વિશે રાષ્ટ્રપતિને જાણકારી આપે છે.

## મુખ્યમંત્રી (Chief Minister)

મુખ્યમંત્રી મંત્રીમંડળના વડા છે. રાજ્યસરકારમાં મુખ્યમંત્રીનું સ્થાન ઘણું અગત્યનું છે. તેમને મુખ્ય પ્રધાન અથવા સી.એમ. (ચીફ મિનિસ્ટર) તરીકે પણ ઓળખવામાં આવે છે.

મુખ્યમંત્રી મંત્રીઓને રાજ્યના વહીવટનાં જુદાં જુદાં ખાતાં સોંપે છે. અવારનવાર મંત્રીમંડળની બેઠક બોલાવે છે. દરેક મંત્રીઓનાં કાર્યો પર દેખરેખ રાખે છે અને માર્ગદર્શન આપે છે. મંત્રીમંડળે લીધેલા નિર્ણયોથી રાજ્યપાલને માહિતગાર કરે છે. જરૂર ઊભી થતાં મંત્રીમંડળની પુનઃરચના કરે છે.

મંત્રીમંડળ રાજ્યસરકારને સોંપાયેલા વિષયો સંબંધી નીતિ નક્કી કરે છે. તેનો અમલ કરે છે. મંત્રીમંડળ વિધાનસભામાં ખરડા રજૂ કરે છે. રાજ્યના નાણામંત્રી વિધાનસભામાં બજેટ (રાજ્યનું આખા વર્ષનું આવક-ખર્ચનું અંદાજપત્ર) રજૂ કરે છે.

**વિચારો**

- મંત્રીમંડળની મુદત કેટલાં વર્ષની હોય છે ?
- દરેક મંત્રી પોતાના ખાતાના કામકાજ માટે કઈ રીતે જવાબદાર છે ? શા માટે ?
- મંત્રીમંડળ કે કોઈ એક પ્રધાન સામે અવિશ્વાસની દરખાસ્ત પસાર થાય તો શું થાય ?
- હાલના મંત્રીમંડળના મંત્રીઓ અને તેમનાં ખાતાં વિશે માહિતી એકત્ર કરો.

રાજ્યસરકાર અને કેન્દ્રસરકાર વચ્ચે કાર્યનું વિભાજન કરવામાં આવ્યું હોય છે. દરેક રાજ્યસ્તરે રાજ્યસરકાર કામ કરે છે, તેમ સમગ્ર દેશ માટે ‘સંઘ સરકાર’ કામ કરે છે.

**આટલું જાણો**

ભારતમાં કુલ 29 રાજ્યો છે. કેન્દ્રશાસિત પ્રદેશ 7 છે. તેમાં દિલ્લી રાષ્ટ્રીય રાજધાનીનો પ્રદેશ છે.

કેન્દ્ર અને રાજ્ય વચ્ચે મહત્ત્વનો ભેદ તેમના કાર્યક્ષેત્રને લગતો છે. રાજ્યસરકારોનું કાર્યક્ષેત્ર જે-તે રાજ્યના પ્રાદેશિક વિસ્તાર પૂરતું મર્યાદિત છે. જેમ કે, ગુજરાતની સરકારનું કાર્યક્ષેત્ર ગુજરાત રાજ્યની નિશ્ચિત સરહદોની અંદર વિસ્તરેલા પ્રદેશ પૂરતું સીમિત છે. જ્યારે સંઘ સરકારનું કાર્યક્ષેત્ર આખા દેશને આવરી લે છે.


કેન્દ્ર અને રાજ્યોને સોંપાયેલાં કાર્યો અને સત્તાઓનું વિભાજન ત્રણ યાદીઓમાં કરવામાં આવ્યું છે-સંઘયાદી, રાજ્યયાદી અને સંયુક્તયાદી. આ યાદીઓમાં આવતા વિષયોનો સમાવેશ બંધારણના પરિશિષ્ટમાં કરવામાં આવ્યો છે.

| સંઘયાદી | રાજ્યયાદી | સંયુક્તયાદી |
|---|---|---|
| જે વિષયો સંઘ સરકારને સોંપવામાં આવ્યા છે તેનો સમાવેશ સંઘયાદીમાં થાય છે. તેમાં ● વસ્તીગણતરી ● વિદેશ સાથેના સંબંધો ● દેશનું સંરક્ષણ ● નાણાં અને બૅંકિંગ વ્યવહાર ● ચૂંટણીઓ ● નાગરિકત્વ સંબંધી કાયદા ઘડવાનું ● રેલવે ● તાર ● ટપાલ ● વીમા સેવાઓ ● દરિયાઈ ● હવાઈ અને રાષ્ટ્રીય માર્ગ ● અણુશક્તિ વગેરે વિષયોનો સમાવેશ થાય છે. | રાજ્યને સ્પર્શતા વિષયોનો સમાવેશ રાજ્યયાદીમાં કરવામાં આવે છે. આ વિષયો પર કાયદો ઘડવાની સત્તા રાજ્યની વિધાનસભા અને રાજ્યની કારોબારી (મંત્રીમંડળ) ને છે.<br>રાજ્યયાદીના વિષયમાં ● આરોગ્ય ● ખેતીવાડી ● જંગલો ● સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ ● સહકાર જેવા વિષયોનો સમાવેશ થાય છે. | સંઘ અને રાજ્યસરકાર બંને આ વિષયો પર કાયદા ઘડી શકે છે. આ યાદીમાં 47 જેટલા વિષયો છે.<br>● ફોજદારી ● દીવાની કેસોને લગતી કાર્યવાહી સંબંધી કાયદાઓ ● છૂટાછેડા ● શિક્ષણ ● વારસાઈ બાબતો ● ઉદ્યોગો ● રોજગારી ● વીજળી વગેરે વિષયો પર સંઘ અને રાજ્યસરકાર બંને કાયદા ઘડે છે. |

### વિધાનસભા (Legislative Assembly) :

મરીના, ઈમરાન અને તેની શાળાના બીજા વિદ્યાર્થીઓ વિધાનસભા ભવન જોવા ગુજરાતના પાટનગર ગાંધીનગર ગયાં. બાળકો વિધાનસભા જોવા માટે ઘણાં ઉત્સુક હતાં. બાળકોને નિયમ મુજબ સિક્યુરિટીવાળાએ તપાસ્યાં અને ઉપર લઈ ગયા. ઉપર મુલાકાતીઓ માટે વ્યવસ્થા હતી, ત્યાંથી તેઓ નીચેના વિશાળ સભાખંડને જોઈ શકતા હતાં. સભાખંડમાં વિધાનસભાના સભ્યો માટે બેઠક વ્યવસ્થા હતી.

આ દિવસે વિધાનસભામાં હાલની જ કોઈ સમસ્યા પર ચર્ચા થવાની હતી. વિધાનસભામાં પ્રશ્નોત્તરીના સમયે વિધાનસભ્યો તેમનો મત વ્યક્ત કરી શકે છે, સંબંધિત વિષય પર પ્રશ્નો પૂછી શકે છે અને સૂચન પણ કરી શકે છે કે સરકારે આ વિષયમાં શું કરવું જોઈએ ? સભ્યો આ વિષય પર પોતાના પ્રતિભાવો રજૂ કરી શકે છે. ત્યાર બાદ જે-તે ખાતાના મંત્રી પ્રશ્નોના ઉત્તર આપે છે અને જરૂરી પગલાં ભરાઈ રહ્યાં છે તેની સ્પષ્ટતા કરી બાંયધરી આપે છે.



9.2 વિધાનસભામાં પ્રશ્નોત્તરી

મુખ્યમંત્રી તથા બીજા અન્ય મંત્રીઓએ નિર્ણયો લેવાના હોય છે અને સરકાર ચલાવવાની હોય છે. આપણે ઘણીવાર આવા નિર્ણયો વિશે સાંભળીએ છીએ અને સમાચારની ચેનલો અથવા સમાચારપત્રોમાં તેને જોઈએ છીએ, વાંચીએ છીએ. જે પણ નિર્ણય લેવામાં આવે છે તેમાં વિધાનસભાના સભ્યોની મંજૂરી જરૂરી છે. લોકશાહીમાં વિધાનસભાના સભ્યો મંત્રીઓને તથા મુખ્યમંત્રીને પ્રશ્ન પૂછી શકે છે. કોઈ મહત્ત્વના વિષય પર ચર્ચા કરી શકે છે. નિર્ણય પણ કરી શકે છે કે નાણાંનો ખર્ચ ક્યાં કરવો જોઈએ ? વિધાનસભાની બેઠક ચાલુ હોય ત્યારે તેમાં કોઈપણ ધારાસભ્ય દ્વારા પ્રશ્નોત્તરી થઈ શકે. વિધાનસભાનું સંચાલન અધ્યક્ષ (સ્પીકર) કરે છે અને તેમની પૂર્વમંજૂરીથી આવા પ્રશ્નોની રજૂઆત કરી શકે છે.

**વિચારો**

તમે ધારાસભ્ય હોવ તો કેવાં કેવાં કાર્યો કરો ?

**પ્રવૃત્તિ**

1. પુસ્તકાલયમાં જઈ વિધાનસભાને લગતી માહિતી શોધીને વાંચો તેમજ મતવિસ્તાર, બહુમતી, વિરોધપક્ષ, શાસકપક્ષ, સ્પીકર (અધ્યક્ષ), બજેટ (અંદાજપત્ર), ગવર્નર (રાજ્યપાલ) જેવા શબ્દોના અર્થ શોધો. દરેક વિશે એક એક વાક્ય લખો.
2. છાપાંઓમાં આવતા વિધાનસભાને લગતા સમાચાર વાંચો. ત્યાર બાદ સમાચારપત્રોમાંથી કટિંગ કરી તેનું આલબમ બનાવો.

## 1. નીચેના પ્રશ્નોના ઉત્તરો આપો :

1. વિધાનસભામાં દરેક સભ્યે કોને સંબોધીને વાત રજૂ કરવી પડે છે ?
2. રાજ્યપાલ ખરડા પર સહી ન કરે તો શું થાય ?
3. મંત્રીમંડળ કયાં કયાં કાર્યો કરે છે ?
4. મુખ્યમંત્રીનાં કાર્યો જણાવો.
5. રાજ્યસરકારનાં મુખ્ય અંગો અને કાર્યો જણાવો.
6. ધારાસભ્યોનું ઉપલું ગૃહ કયું ગણાય છે ? ગુજરાતમાં કયું ગૃહ કાર્ય કરે છે ?
7. તમારાં કયાં કાર્યો નથી થતાં, જે તમારી દૃષ્ટિએ સરકાર દ્વારા થવા જોઈએ ? તેને નોંધો.

# પુનરાવર્તન - 2

## એકમ 1થી 9

### ચાલો ફરીથી યાદ કરીએ :

1. 'સરકાર' એટલે શું ? સરકારની જરૂરિયાત.
2. હર્ષવર્ધને કરેલાં કલ્યાણકારી કાર્યો.
3. ભૂપૃષ્ઠની દૃષ્ટિએ ભારતના કયા કયા ભાગો છે ?
4. મંત્રીમંડળની કાર્યરીતિ.
5. રાજ્યનાં કાર્યોનું વિભાજન કોની કોની વચ્ચે હોય છે ? કેવી રીતે ?
6. પરિભ્રમણ (ધરીભ્રમણ) અને પરિક્રમણ એટલે શું ?
7. અક્ષાંશ અને રેખાંશ.
8. અક્ષાંશવૃત્તો અને રેખાંશવૃત્તો વિશેની સમજ.
9. ઉત્તરભારતના રાજ વંશો.
10. દક્ષિણ ભારતના રાજ વંશો.
11. રાજપૂત યુગની શાસનવ્યવસ્થા.

### ચાલો સમજીએ :

1. સરકાર કઈ કઈ કાર્યવાહી કરે છે ?
2. હર્ષવર્ધનના સમયનું લોકજીવન.
3. હર્ષવર્ધનના સમય અંગે યુએન શ્વાંગે કરેલી નોંધો.
4. દુનિયાના નકશામાં ભારતના પાડોશી દેશો તેમજ વિસ્તાર.
5. તમારે MLA (વિધાનસભાના સભ્ય) બનવું હોય તો તમારે શું કરવું પડે ?
6. પૃથ્વીના પરિભ્રમણ અને પરિક્રમણથી કેવા કેવા ફેરફારો થાય છે ?
7. પૃથ્વીના ગોળા પર જુદા જુદા અક્ષાંશ અને રેખાંશ શોધો.
8. મધ્યયુગમાં ગુજરાત.
9. રાજપૂત યુગનો અંત કેમ આવ્યો ?

### ચાલો વિચાર કરીએ :

1. સરકાર તમારા માટે કયાં કયાં કાર્યો કરે છે ?
2. ન્યાયતંત્રના હુકમનું પાલન કોના મારફત થાય છે ?
3. નાલંદા વિદ્યાપીઠને ઉત્તેજન આપવા હર્ષવર્ધને કરેલા પ્રયત્નો.
4. 'ઉત્તરભારતનો મેદાનપ્રદેશ સૌથી સમૃદ્ધ અને વિકસિત છે.' શા માટે ?
5. 'રણની આબોહવા સૂકી અને વિષમ છે.' શા માટે ?

6. મુખ્યમંત્રીની પસંદગી કેવી રીતે થાય છે ?
7. આપણો પડછાયો આખા દિવસ દરમિયાન નાનો-મોટો કેમ થાય છે ?
8. ઇંગ્લૅન્ડમાં ગ્રિનિચ પરથી પસાર થતાં 0° રેખાંશવૃત્તને કઈ રેખા કહે છે ? શા માટે ?
9. 'આંતરરાષ્ટ્રીય દિનાંતર રેખા વાંકીચૂકી છે.' શા માટે ?
10. આક્રમણકારો ભારત પર શા માટે ચડાઈ કરતા હતા ?

**ચાલો જાતે કરીએ :**

1. સરકાર દ્વારા કરેલાં કાર્યોની સૂચિ તૈયાર કરો. તમને પસંદ હોય તેવાં કાર્યોની યાદી તૈયાર કરો.
2. દુનિયાના રેખાંકિત નકશામાં ભારતનું સ્થાન દર્શાવી તેમાં રંગ પૂરો.
3. તમારા વિસ્તારમાં કોઈ રોગચાળો ફાટી નીકળે તો તમે એક આરોગ્યમંત્રી તરીકે શું-શું પગલાં ભરો ? યાદી કરો.
4. રાત્રિનું આકાશ તમને કેવું લાગે છે તેની નોંધ કરો.
5. સ્થાનિક સમય અને પ્રમાણસમય વચ્ચેનો તફાવત આપો.
6. અક્ષાંશ અને રેખાંશથી શું-શું જાણી શકાય છે ?
7. નીચેના દેશોનો સમય ભારત કરતાં આગળ છે કે પાછળ ? કેટલો ? શા માટે ?
   (બાંગ્લાદેશ, યુ.એસ.એ., કૅનેડા, જાપાન, ફ્રાન્સ, દક્ષિણ આફ્રિકા)
8. નીચે જણાવેલ કોષ્ટકમાં આપેલાં વિધાનો વાંચો અને ઓળખો કે આ વિધાનો સરકારના કયા સ્તર સાથે સંબંધ ધરાવે છે.

- **નીચે આપેલા નિર્ણયો સરકારના કયા સ્તરે થાય છે તેમાં ( ) નિશાની કરી જણાવો :**

| સરકાર દ્વારા લેવાયેલા નિર્ણયો | સ્થાનિક કક્ષાએ | રાજ્ય કક્ષાએ | રાષ્ટ્રીય કક્ષાએ |
|---|---|---|---|
| ખેડૂતોને સસ્તા ભાવે વીજળી આપવી. | | | |
| સરકારી પ્રાથમિક શાળાઓમાં મધ્યાહ્ન ભોજન યોજનાનું કાર્ય. | | | |
| ગામમાં જાહેર સરકારી દવાખાનાનું સ્થળ નક્કી કરવું. | | | |
| વિદ્યાર્થીઓને રેલવેમાં મફત પાસ આપવો. | | | |
| જાપાનમાં રહેતા ભારતીયોને આપત્તિ વખતે મદદ કરવી. | | | |
| સુરતમાં બાળકો માટે 'ચિલ્ડ્રન પાર્ક' બનાવવો. | | | |
| બે દેશો વચ્ચે વિમાની સેવી શરૂ કરવી. | | | |

**આટલું જાણો**

- ભારતના સંવિધાનમાં મૂળભૂત ફરજો અનુચ્છેદ 51 (ક) મુજબ.
- જંગલો, તળાવો, નદીઓ, વન્ય પશુ–પક્ષીઓ આપણા સૌની સંપત્તિ છે.
- કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને જાહેર મિલકતનું રક્ષણ કરવાની આપણી ફરજ છે.

# મારી વાત

મારું નામ : ..............................

મારા પિતા : ..............................

મારી માતા : ..............................

મારી જન્મતારીખ : ..............................

મારું ગામ : .................. તાલુકો : .................. જિલ્લો ..................

મારી શાળા : ..............................

મારા વર્ગશિક્ષક : ..............................

મારા મિત્રો : ..............................

મારો શોખ : ..............................

મારી પ્રિય રમત : ..............................

મારો પ્રિય ખેલાડી : ..............................

મને ગમતો ટી.વી. કાર્યક્રમ : ..............................

મારું પ્રિય સ્થળ : ..............................

મારો પ્રિય વિષય : ..............................

મને શું બનવું ગમે ? ..............................

મને ગમતું વાહન : ..............................

મેં કરેલાં કામો : ..............................

મારી આવડત : ..............................

મારે આમ કરવું છે : ..............................

## મારા ગામમાં સૌથી જૂનું

મકાન : ..............................

મંદિર : ..............................

વાહન : ..............................

વૃક્ષ : ..............................

કૂવો : ..............................

અન્ય : ..............................

## મારા ગામમાં સૌપ્રથમ

ટી.વી. : ..............................

વાહન : ..............................

કમ્પ્યૂટર : ..............................

ગ્રેજ્યુએટ વ્યક્તિ : ..............................

વીજળી : ..............................

પાકો રસ્તો : ..............................

બોરવેલ : ..............................

શાળાની શરૂઆત : ..............................

પંચાયત ઘર : ..............................

પાકો રસ્તો : ..............................

ધાબાવાળું મકાન : ..............................

..............................

..............................

..............................

## પ્રૉજેક્ટ વિશે :

પ્રૉજેક્ટનું નામ ..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

પ્રૉજેક્ટની રૂપરેખા ..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

માહિતીના સ્રોત : પ્રૉજેક્ટને અનુરૂપ પ્રશ્નાવલી, ચર્ચા, સંવાદ, સંદર્ભ સાહિત્ય, મુલાકાત, અવલોકન-અનુરૂપ પૂર્વતૈયારી કરવા કઈ માહિતી જોઈએ છે ? ક્યાંથી મળી શકશે ? ક્યારે મળશે ? વગેરે બાબતે તમારા મિત્રો અને શિક્ષક સાથે ચર્ચા કરો.

માહિતીનું લેખન : શરૂઆતમાં માહિતી મુદ્દા સ્વરૂપે એકત્ર કરવી. જ્યાં શક્ય હોય ત્યાં ફોટોગ્રાફ્સ, ચિત્રો, ફોટો કૉપી પણ લઈ શકાય.

સમગ્ર અહેવાલ લેખન : માહિતીના ક્ષેત્ર મુજબ પ્રકરણ બનાવી સમગ્ર અહેવાલ તૈયાર કરવો.

અનુબંધ : આપે કરેલ પ્રૉજેક્ટ અભ્યાસક્રમને ધ્યાનમાં રાખી કયા કયા વિષય સાથે અનુબંધ ધરાવે છે તેની ચર્ચા કરો.

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

# વર્તમાન સરકાર

| સંસદ | વિધાનસભા |
|---|---|
| • રાષ્ટ્રપતિનું નામ : | • રાજ્યપાલનું નામ : |
| • વડાપ્રધાનનું નામ : | • મુખ્યપ્રધાનનું નામ : |
| • નાણાપ્રધાનનું નામ : | • નાણામંત્રીનું નામ : |
| • માનવ સંસાધન વિકાસ પ્રધાનનું નામ | • શિક્ષણમંત્રીનું નામ : |
| • ગૃહપ્રધાનનું નામ | • ગૃહમંત્રીનું નામ |

| સંસદ સમાચાર | વિધાનસભા સમાચાર |
|---|---|
| (અહીં વર્તમાન સંસદ પ્રક્રિયાને લગતા સમાચારની વિગત લખો) | (અહીં વર્તમાન વિધાનસભા પ્રક્રિયાને લગતા સમાચારની વિગત લખો) |

આપેલ ચિત્રો ઓળખો, જાણો અને લખો.





- 
- 
- 
- 

- 
- 
- 
- 





- 
- 
- 
- 

- 
- 
- 
- 

## ભારતમાં આવેલા વિદેશી યાત્રીઓ

| ક્રમ | યાત્રાનો સમયકાળ | વિદેશી યાત્રીનું નામ | તે સમયના શાસક કે શાસનનું નામ |
|---|---|---|---|
| 1 | ઈ.સ. 1288થી 1292 | માર્કોપોલો (ઇટાલિયન) | પાંડ્ય રાજ્ય |
| 2 | ઈ.સ. 1233થી 1242 | ઈબ્નબતૂતા (મોરક્કો) | મહંમદ તુઘલુક (દિલ્લી) |
| 3 | ઈ.સ. 1442થી 1443 | અબ્દુર્રજ્જાક (ઈરાની) | દેવરાય દ્વિતીય (વિજયનગર) |
| 4 | ઈ.સ. 1520થી 1522 | ડોમિંગોજ પેઈજ (પુર્તગાલી) | કૃષ્ણદેવરાય (વિજયનગર) |
| 5 | ઈ.સ. 1585થી 1591 | રાલ્ફફિચ (અંગ્રેજ) | અકબર (દિલ્લી) |
| 6 | ઈ.સ. 1608થી 1613 | કેપ્ટન હોકિન્સ (અંગ્રેજ) | જહાંગીર (દિલ્લી) |
| 7 | ઈ.સ. 1608થી 1617 | જૉન જૂરદા (પુર્તગાલી) | જહાંગીર (દિલ્લી) |
| 8 | ઈ.સ. 1615થી 1619 | સર ટામસ રો (અંગ્રેજ) | જહાંગીર (દિલ્લી) |
| 9 | ઈ.સ. 1626થી 1633 | જૉન લાયર (ડચ) | શાહજહાં |
| 10 | ઈ.સ. 1630થી 1634 | પીટર મંડી (ઇટાલિયન) | શાહજહાં |
| 11 | ઈ.સ. 1641થી 1687 | ટૈવર્નિયર (ફ્રેંચ) | શાહજહાં/ ઔરંગઝેબ |
| 12 | ઈ.સ. 1656થી 1687 | મનૂચી (ઇટાલિયન) | ઔરંગઝેબ |
| 13 | ઈ.સ. 1658થી 1668 | બર્નિયર (ફ્રેંચ) | ઔરંગઝેબ |

**નોંધ :** આવા બીજા વિદેશી યાત્રીઓ ભારતના પ્રવાસે આવેલા છે તો તેમના વિશેની માહિતી જાણો અને અહીં નોંધો.

| ક્રમ | સમયગાળો | વિદેશી પ્રવાસીનું નામ | વિદેશી પ્રવાસી વિષયક જાણકારી |
|---|---|---|---|
| | | | |

## કેટલાક મધ્યકાલીન શાસકો વિશે જાણીએ

| ક્રમ | શાસકનું નામ | સમયકાળ | રાજ્ય/વંશ |
|---|---|---|---|
| 1 | યશો વર્મા | ઈ.સ. 700થી 740 | કનોજ |
| 2 | નાગભટ પ્રથમ | ઈ.સ. 735થી 756 | પ્રતિહાર વંશ |
| 3 | મિહિર ભોજ | ઈ.સ. 836થી 885 | પ્રતિહાર વંશ |
| 4 | ચંદ્રદેવ | ઈ.સ. 1090થી 1100 | ગાહડવાલ વંશ |
| 5 | પરમર્દિદેવ | ઈ.સ. 1165થી 1201 | બુંદેલખંડ (ચંદેલ) ચંદેલવંશ |
| 6 | રાજા મુંજ | ઈ.સ. 974થી 995 | માળવા (ઉજ્જૈની) પરમારવંશ |
| 7 | રાજા ભોજ | ઈ.સ. 1100થી 1055 | માળવા (ઉજ્જૈની) પરમારવંશ |
| 8 | મૂલરાજ સોલંકી | ઈ.સ. 942થી 997 | અણહિલપુર પાટણ (ગુજરાત) - સોલંકીવંશ |
| 9 | ભીમદેવ પ્રથમ | ઈ.સ. 1022થી 1064 | અણહિલપુર પાટણ (ગુજરાત) - સોલંકીવંશ |
| 10 | ભીમદેવ બીજો | ઈ.સ. 1178થી 1242 | અણહિલપુર પાટણ (ગુજરાત) - સોલંકીવંશ |
| 11 | સોમેશ્વર ચૌહાણ | ઈ.સ. 1169થી 1177 | દિલ્લી - ચૌહાણવંશ |
| 12 | ધર્મપાલ | ઈ.સ. 770થી 810 | ગૌડ (બંગાળા) - પાલવંશ |
| 13 | ગોવિંદ ત્રીજો | ઈ.સ. 794થી 814 | રાષ્ટ્રકૂટવંશ |
| 14 | નરસિંહ બીજો | ઈ.સ. 1220થી 1234 | દ્વાર સમુદ્ર - હોયસલવંશ |
| 15 | ઈલ્તુત્મિશ | ઈ.સ. 1211થી 1236 | દિલ્લી - ગુલામવંશ |
| 16 | જલાલુદ્દીન ખલજી | ઈ.સ. 1290થી 1296 | દિલ્લી - ખલજીવંશ |
| 17 | ગિયાસુદ્દીન તુઘલુક | ઈ.સ. 1320થી 1325 | દિલ્લી - તુઘલુકવંશ |
| 18 | સિકંદર લોદી | ઈ.સ. 1489થી 1517 | દિલ્લી - લોદીવંશ |

**નોંધ :** ઉપર કેટલાક શાસકો વિશે માહિતી આપેલ છે. આવા અન્ય શાસકો વિશે જાણકારી મેળવો અને નોંધો.

| ક્રમ | શાસકનું નામ | શાસક વિષયક માહિતી |
|---|---|---|
| | | |

# સાપસીડી

| | | | | |
|---|---|---|---|---|
| 50 રાજ્યપાલ | 49 લડાઈઓ | 48 અવિશ્વાસની દરખાસ્ત | 47 પર્વતીય પ્રદેશ | 46 તાપમાન |
| 41 શાસકપક્ષ | 42 કાયદાનો ભંગ | 43 ઉત્તરધ્રુવ | 44 સ્થાપત્ય | 45 અક્ષાંશ |
| 40 ન્યાયતંત્ર | 39 વિરોધપક્ષ | 38 ગોડવીન ઓસ્ટિન | 37 પરિભ્રમણ | 36 વિદ્વાન |
| 31 ગ્રિનિચરેખા | 32 શિલ્પ | 33 પર્વત | 34 વિદ્યાપીઠ | 35 કર્કવૃત્ત |
| 30 આંતરરાષ્ટ્રીય દિનાંતર રેખા | 29 સભ્યતા | 28 ઉત્તરગોળાર્ધ | 27 શિલ્પ અને સ્થાપત્ય | 26 દક્ષિણધ્રુવ |
| 21 કારોબારી | 22 વિકાસનાં કામો | 23 દક્ષિણગોળાર્ધ | 24 દગો | 25 વિષુવવૃત્ત |
| 20 સંસ્કૃતિ | 19 ચૂંટણી | 18 સાહિત્ય અને કલા | 17 ધારાસભ્ય | 16 શાસનનો અંત |
| 11 કાયદાનું પાલન | 12 કક્ષા | 13 લોકમત | 14 કેન્દ્ર સરકાર | 15 મકરવૃત્ત |
| 10 વફાદારી | 9 રાજ્ય સરકાર | 8 વાતાવરણ | 7 ધારાસભા | 6 સમય |
| 1 પરિભ્રમણ | 2 દ્વીપકલ્પ | 3 શૌર્ય | 4 સમર્પણ | 5 રેખાંશ |